**OMCC Annual Retreat 2015**

**4-6 Dec. 2015 at Oasis Valleys, Chanod**

ઓએસિસમાં કૉર ટીમની વાર્ષિક રિટ્રીટ નિયમિત રીતે થતી આવી છે. આ વાર્ષિક રિટ્રીટ એટલે કે ક્યાં પહોંચ્યા, આગળ ક્યાં-કેવી રીતે જવું છે અને અંગત તેમ જ સહિયારા વિકાસના મુકામો બાબતે હળવાશપૂર્વક સાથે બેસીને અવલોકન કરવું. આ વખતે પણ 4-6 ડિસે. દરમ્યાન આ વાર્ષિક રિટ્રીટ થઈ, પણ આ વખતે તે અનેક રીતે વિશિષ્ટ અને નોંધપાત્ર રહી. તેમાં કૉર ટીમનું વિસર્જન અને વિસ્તરણ બંને એક સાથે કરવામાં આવ્યું. જૂના બાર-પંદર મિત્રોની જગ્યાએ આ વખતે 70 જણ હતા. બાળકો હતા, કિશોરો હતા, યુવાનો હતા, વ્યાવસાયિકો હતા, ગૃહિણીઓ હતી, વડીલો હતા... એકસાથે પાંચ-છ પેઢીની વ્યક્તિઓ. કોઈને પ્રશ્ન થઈ શકે કે આટલા વૈવિધ્યસભર જૂથમાં સંવાદિતા આવી શકે ખરી? સાથે મળીને કામ કે ચર્ચા થઈ શકે ખરા?

અલબત્ત ઓએસિસના કૉર-મિત્રો માટે આ કોઈ પ્રશ્ન હોય તેમ લાગ્યું નહીં. અને છતાં સરળતા રહે તે માટે શરૂઆતમાં પ્રશ્ન મૂકવામાં આવ્યો- આપણે સાચી કમ્યૂનિટી કેવી રીતે બનીશું? એવું શું કરીશું જેથી દલીલો ખાતર દલીલ કરવામાંથી, કે એકબીજાનો મત બદલી નાખવા ધસી પડવામાંથી બચી શકાય? થોડી ચર્ચા પછી સૌએ જવાબ શોધી પણ કાઢ્યો- ખુલ્લા મન-હૃદયથી દરેક વ્યક્તિને સાંભળવી, કોઈ અહીં માત્ર મજા ખાતર વાત પકડી રાખતું નથી, એટલે જો કોઈ પોતાની વાત પકડી રાખી રહ્યું છે તો તેની વાતને પૂરેપૂરી સમજવી. ટૂંકમાં એકબીજા પ્રત્યે આદર-પ્રેમ અનુભવીએ અને ખુલ્લા મન-હૃદય રાખીએ તો આપણે સાચી કમ્યૂનિટી બની શકીએ... આમ તો એ વણકહ્યાં પણ અનુભવાતાં હતાં છતાં આપણે વય-નિરપેક્ષ રહીશું અને સમાનતાના ધોરણે સંકળાઈશું એવાં મૂલ્યો પણ નક્કી કરવામાં આવ્યાં.

આ વખતે ભેગા થયેલા મિત્રોમાંથી ઘણા એકબીજાને પહેલીવાર મળી રહ્યા હતા. તો કેટલાક એવા સહૃદયી દાતાઓ પણ હતા જેમને માત્ર પૈસા આપી દેવાથી નિરાંત નહોતી, તેમને આ સમગ્ર બાબતનો હિસ્સો પણ બનવું હતું. છેક અમેરિકાથી, માત્ર આ જ કારણસર અહીં આવેલા પ્રવીણભાઈ અને વિજયભાઈએ તેમના પ્રશ્નો, સૂચનો અને પ્રોત્સાહન દ્વારા પોતે તો જોઈતો સંતોષ લીધો જ પણ સાથે ઓએસિસ વધુ ને વધુ ફેલાય તેવી તેમની ઇચ્છા અને નક્કર ધક્કો અમારા સુધી બરાબર પહોંચાડ્યા. એવી જ રીતે વર્ષોથી અમારી સાથે અડીખમ ઊભેલા, રજનીભાઈ પણ મુંબઈથી આવી પહોંચ્યા હતા. મિત્રો તો વડોદરા, સુરત, અમદાવાદ, નવસારી, આણંદ, મુંબઈ, બૅંગલોર, દિલ્હી એમ અનેક જગ્યાઓએથી આવ્યા હતા. આમ, ઉંમરના વૈવિધ્ય ઉપરાંત ભૌગોલિક વૈવિધ્ય પણ હતું.

25 વર્ષે, આજે ઓએસિસ એ મુકામ પર આવીને ઊભું છે જ્યારે તે ખરેખર શું છે તે સમજવાની જરૂર તેની સાથે તીવ્રતાથી સંકળાયેલી દરેક વ્યક્તિને છે. જે મિત્રોએ તેને ઊભું કર્યું, જે મિત્રો તેને આજે આગળ ધપાવી રહ્યા છે અને જે મિત્રો હવે તેને નવી ધરી પર લઈ જવાના છે- તે સૌને. શું તે એક સંસ્થા માત્ર છે? કોઈ વિચાર છે? ઝુંબેશ છે? તે ખરેખર કયા પ્રકારનું કામ કરે છે? તેનો ભૂતકાળ શું હતો, તેનો વર્તમાન શું છે અને તેનું ભવિષ્ય આપણે શું બનાવવા માગીએ છીએ? - આ બે દિવસમાં અમે બધા સાથે મળીને આ સમજવા માગતા હતા.

આ બહુ મોટું લાગતું કામ જ્યારે સૌએ પોતાનો ઓએસિસ સાથેનો અનુભવ, પોતાનાં સપનાં, એ સપનાં કેમ છે તે કહેવું શરૂ કર્યું ત્યારે આસાન થઈ ગયું. કમ્યૂનિટી તો ઊભી થઈ જ ગઈ પણ એકબીજાને જોવાની દૃષ્ટિ પણ બદલાઈ ગઈ. જાહેરમાં ભાષણો કરવા આસાન છે, પણ પોતાની અંતરતમની વાત, પોતાની નબળાઈની-મર્યાદાની વાત, પોતાની વેદના વાત બધાની વચ્ચે કરવી બહુ હિંમત માગી લે છે. એ જ રીતે પોતાનાં સ્વપ્નો સૌને જણાવવામાં પણ સારી એવી હિંમતની જરૂર પડે છે. આ સપનાંઓ ઓએસિસનું ભવિષ્ય દર્શાવતાં હતાં ને અહીં સર્જાયેલું વાતાવરણ, એકબીજાને સાંભળવા એકાગ્ર થયેલાં મન-હૃદય, અને પોતાનાં બધાં કવચો અળગાં કરી વ્યક્ત થવાની હિંમત ઓએસિસ શું છે તે દર્શાવતું હતું... ઓએસિસ પાસેથી શું મળ્યું એ કહેતાં કહેતાં નાની-મોટી ઘણી વ્યક્તિઓની આંખમાં પાણી આવ્યાં અને મિત્રોના અવાજમાં ઘોળાતી એ વખતની ઑથેન્ટિસિટીને કોઈ કરતાં કોઈ રીતે આ લેખના શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. કોઈએ રડતાં રડતાં વાત કરી તો કોઈએ અતિશય હળવાશથી- પણ સૌના શબ્દોમાં છુપાયેલી ગંભીરતા-ઊંડાણ દરેક જણ ઝીલી રહ્યું હતું. ઓએસિસની નવી પેઢીના બાળકો-કિશોરો-યુવાનોએ એટલી નિખાલસતાથી વાત કરી કે અહીં બેઠેલા સૌને તેમની મીઠી ઇર્ષ્યા થઈ આવી. આ ઉંમરે આવી સમજણ, આવા ઇરાદા! તેમની અભિવ્યક્તિ તદ્દન પોતીકી હતી- તેમને સાંભળવા એક લહાવો હતો. આખી રિટ્રીટમાં જાણે તેઓ છવાઈ ગયાં હતાં- પોતાની બાળસહજ નિર્દોષતાને કારણે નહીં, પણ તેમના ઇરાદાઓની બુલંદી અને મસ્તી-હળવાશ સાથે સાથે તેમના વર્તનમાં ડોકાતી પરિપક્વતાને કારણે.

આ રિટ્રીટનો બીજો દિવસ અભ્યાસનો દિવસ હતો. સવાર અને બપોર- બે ભાગમાં અમે વિશ્વભરની ઝુંબેશો અને તેમની સાપેક્ષે ઓએસિસ ઝુંબેશને સમજવાનો પ્રયાસ આદર્યો. બંને વિષય પર અગાઉથી કેટલાક મિત્રોએ તૈયારી કરી હતી, જે તેમણે સૌ સાથે વહેંચી હતી. પછી સૌએ નાનાં નાનાં જૂથોમાં વહેંચાઈને ચર્ચા થકી તેને સમજવાનો પ્રયાસ કર્યો હતો અને વળી એ ઘુંટાયેલી સમજણને સમગ્ર જૂથ સાથે વહેંચી હતી. આ આખી કવાયતથી ઓએસિસ ઝુંબેશ કઈ રીતે અલગ છે તે સ્પષ્ટ થયું હતું, ઓએસિસ ઝુંબેશ સંદર્ભે તારવેલા ઘણા મુદ્દાઓમાંથી થોડાક મુદ્દાઓ બાબતે સર્વસહમતિ ઊભી થઈ શકી હતી. ફંડ અને ફ્રેન્ડ રેઇઝિંગ બાબતે થયેલી ચર્ચાએ આ કમ્યૂનિટી સ્યૂડો કમ્યૂનિટી નથી તેના પર મહોર મારી આપી હતી. ઓએસિસે કોર્પોરેટ ફંડિગ લેવું કે નહીં, મોટા ફલક પર ફેલાવા વ્યાવસાયિક ધોરણે સક્ષમ વ્યક્તિઓને નીમવા કે નહીં, સોશિયલ મીડિયા-ટેકનોલૉજીના ઉપયોગ જેવા મુદ્દાઓ પર સારી એવી ચર્ચા થઈ.

બીજા દિવસની આ ચર્ચા દરમ્યાન અમને સમજાયેલી બીજી બે-ત્રણ નાની મોટી વાતો- એક ઘટના તરીકે ઓએસિસ ભલે સામાજિક પરિવર્તનના ચારે તબક્કામાંથી પસાર થઈ ચૂક્યું છે, પણ અંગત રીતે કે સંસ્થા-ઝુંબેશ તરીકે, જ્યારે પણ આપણે કંઈક પરિવર્તન લાવવાની કોશિશ કરીશું- સૌએ એ ચારે તબક્કામાંથી પસાર થવું જ રહેશે- ઉપેક્ષા, હાંસી, વિરોધ અને સ્વીકાર. એટલે જ્યારે પણ કશુંક નવું કરીએ, આ સમજણ સાથે રાખીને કરીએ... એ જ રીતે અમે હસતાં હસતાં સમજ્યા કે ધક્કો મારવો- સાચી બાબત માટે આગ્રહ કરવો ખરે જ મહત્ત્વનું છે, ઘણીવાર આવા ધક્કા જીવનમાં એવો ઉઘાડ કરી આપે છે કે જેના માટે આપણે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. એટલે ધક્કા મારતા રહેવું અને ધક્કા સ્વીકારતાં પણ રહેવું!

બીજા દિવસની સાંજ ઉજાણીની સાંજ હતી- સંજીવભાઈનું નવું પુસ્તક- 'અધ્યાત્મની શોધમાં...' તેના સૌથી વધુ અધિકારી એવા આ 70 મિત્રોના હાથમાં સૌથી પહેલું મુકાયું. ઓએસિસના પહેલા તબક્કાની કથા જેમાં છપાઈ હતી તે 'જલસો' સામાયિક પણ વહેંચાયું. અને ઓએસિસના જૂના મિત્રોએ, નવી નવી ક્ષિતિજો સર કરવા થનગનતા નવી પેઢીના મિત્રોને વારસો આપ્યો. નાની-મોટી દરેક બાબતમાં સિદ્ધાંતો અને મૂલ્યો હરહંમેશ ઓએસિસનો પાયો રહ્યાં છે- આ મૂલ્યોને આલેખતી એક નાનકડી પુસ્તિકા સૌ મિત્રોને આપવામાં આવી. મિત્રોએ જે રીતે પોતાનાં સ્વપ્નો વહેંચ્યા હતાં તે પ્રમાણે હવે ઓએસિસ પ્રાદેશિક કેન્દ્રો ઊભાં કરવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે એ વિકેન્દ્રીકરણ માટે આનાથી વધુ ઉત્તમ ભેટ બીજી શું હોઈ શકે?

રિટ્રીટના છેલ્લા દિવસે, હવે તો આવી વાર્ષિક રિટ્રીટ પહેલાં પ્રાદેશિક ધોરણે કરીશું, તેમાં ઊંડાણપૂર્વક પ્રશ્નો-પ્રતિપ્રશ્નો કરી લઈશું ને પછી ઉજાણી માટે આ રીતે સહુ સાથે ભેગાં થઈશું એવું નક્કી થયું. આવતા ડિસેમ્બરની તારીખો નક્કી થઈ. દરમ્યાનમાં ઓએસિસ શા માટે/Why Oasisના સૌના જવાબોમાંથી શ્રેષ્ઠ વિકલ્પો તારવવા, ઓએસિસ અત્યારે ઝુંબેશની કઈ અવસ્થામાં છે તે અંગે સ્પષ્ટતા આપતો અલાઇવનો અંક તૈયાર કરવા જે-તે ટુકડીઓને નિર્દેશ અપાયા...

સૌ છૂટા પડ્યાં... પણ અહીંના તરંગો એમ કોઈનો પીછો છોડે તેમ નથી. એક વખત નાના-મોટા સહુ સાથે મિત્રતાના આવા વિશિષ્ટ વાતાવરણમાં રહ્યા પછી- વ્યક્તિમાત્ર તરફ જોવાના નજરિયામાં કંઈક બદલાવ તો આવે જ છે. પ્રેમની એવી જબરજસ્ત તાકાત છે કે હવે દરેક બાળકમાં ઓએસિસમાં મળેલાં બાળકોની છબિ દેખાઈ જ જવાની! બાળક શું, કોઈ પણ વ્યક્તિને જોવાની દૃષ્ટિમાં ફેર પડે જ છે. આ છે ઓએસિસ, અને ઓએસિસનો જાદુ!

~ **ક્ષમા કટારિયા**